# પ્રમુખશ્રીની કલમેથી.....



**મૌલિક કે પટેલ**
**પ્રમુખશ્રી**
**ઓકેસી સંકુલ, લુણાવાડા.**

વ્હાલા વિધાર્થીઓ અને વાલીબંધુઓ,

અમારા ઓકેસી સંકુલની મુલાકાત લેવા બદલ અને સંકુલ પરિવારના સભ્ય બનવામાં રસ દાખવવા બદલ હું તમારો આભાર માનુ છું.

અમારા ઓકેસી સંકુલ વિશે વિગતવાર તમારી સાથે વાત કરવાની તક મળતાં આપનો હાર્દિક આભાર માનુ છું.

અમારી સૌપ્રથમ શાળા કિસાન માધ્યમિક વિધાલયની સ્થાપના સન્ ૧૯૭૧ માં આપણા સૌના પ્રિય સ્વ. કંચનલાલ એમ પટેલ ધ્વારા કરવામાં આવી હતી. જેનો હેતુ વિધાર્થીઓને વ્યાજબી દરે સારામાં સારું શિક્ષણ પૂરું પાડવાનો હતો. અત્રે હું આજે આપને કહેતા ગર્વ અનુભવું છું કે આપણા ઓકેસી સંકુલની ૪ શાળાઓમાં 2000 થી વધુ વિધાર્થીઓ અભ્યાસ કરે છે. આજે પણ આપણી શાળાએ રાષ્ટ્રીય ફલક પર ઉત્તરોત્તર સિધ્ધના શિખરો સર કરવાનું ચાલુ રાખ્યું છે.

આ ક્ષણે હું આપણા ઓકેસી સંકુલ પરિવારના તમામ વાલીબંધુઓ અને વિધાર્થીઓ કે જેમણે અમારા પ્રયત્નોમાં વિશ્વાસ મુકેલ છે, અને શિક્ષણના ક્ષેત્ર માં સિધ્ધિઓના શિખરો સર કરવામાં અને શાળાની છબી બતાવવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અમને મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, તેમનો હ્દયપૂર્વક આભાર માનું છું. છેલ્લા ૪૭ વર્ષમાં ૨૫000 થી વધુ વિધાર્થીઓની કારકિર્દીનાઘડતરમાં ફાળો આપવા બદલ અમે અત્યંત ગૌરવ અનુભવીએ છીએ અને અમારા વ્યવસાય વિશે અમે ખૂબ જ પ્રખર અને તત્પર છીએ.

હું ઓકેસી સંકુલમાં ઉપલબ્ધ સુવિધાઓને આપની સમક્ષ રજુ કરતાં ખૂબ આનંદની લાગણી અનુભવું છું–

1. વર્ષ ૨૦૧૭ માં **અટલ ટિંકરીંગ લેબ**ની સ્થાપના– જેમાં ૧૨૦ થી વધુ વિધાર્થીઓ શરૂઆતથી જ મહારાષ્ટ્ર ના શ્રેષ્ઠ શિક્ષકો પાસેથી રોબોટીક્સની તાલીમ મેળવે છે.
2. શાળાના અમારા પ્રાથમિક વિભાગમાં સંપૂર્ણ બ્રેઇન ડેવલપમેન્ટ માટે ABACUS કોચિંગની વ્યવસ્થા– અમારા શિક્ષકોને વડોદરા ખાતે શ્રેષ્ઠ **ABACUS**સંસ્થામાંથી દર વર્ષે તાલીમ આપવામાં આવે છે.
3. શાળા કેમ્પસમાં **યુરોકિડ્સ (પ્રિ–સ્કુલ)** ની શરુઆત એશિયામાં ૮00 થી વધુ શાખા ધરાવતી આંતરરાષ્ટ્રીય પ્રિ–સ્કૂલ છે.
4. અમારા સંકુલના વિધાર્થીઓ માટે **બાયોલોજી, કેમિસ્ટ્રી, ફિઝિક્સ અને કોમ્પ્યુટર ની અધતન પ્રયોગશાળાઓ**
5. અમારા વિધાર્થીઓની સુરક્ષા, સલામતી અને તકેદારી માટે **૧00 થી વધુ સીસીટીવી કેમેરાની વ્યવસ્થા**
6. પ્રાથમિક વિભાગ માટે **૧:૨૫ નું શિક્ષકઃ વિધાર્થીનું પ્રમાણ.**
7. પ્રાથમિક વિભાગના વિધાર્થીઓ માટે **અલગ જ શાળા મકાન.**
8. શૈક્ષણિક અને મેનેજમેન્ટ અપડેટ્સ માટે **ડિજિટલ નોટીસ બોર્ડ**ની વ્યવસ્થા.
9. શૈક્ષણિક પ્રવિધિ માટે સતત નવીનીકરણ **સ્માર્ટ કલાસ**ની શરુઆત.
10. વિધાર્થીના વાલીના મોબાઇલ ફોન પર **S.M.S.** ધ્વારા વિધાર્થીઓના નિયમિત અપડેટ્સ અને વારંવાર **માતા–પિતાની શિક્ષકો સાથે મુલાકાત.**
11. વર્ગકાર્ય, ગૃહકાર્ય, પરિણામો, વગેરેની દૈનિક દેખરેખ માટે **MOBILE APP**ની શરુઆત.
12. ભારતભરમાંથી પ્રખ્યાત વકતાઓ ધ્વારા **કારકિર્દી માર્ગદર્શન** અને **પ્રેરક પ્રવચન** માટેનું નિયમિત આયોજન.
13. પીવાના શુધ્ધ પાણી માટે આધુનિક **R.O. સિસ્ટમ**ની વ્યવસ્થા
14. રમત ગમતનાં નવા સાધનો સાથેનું **વિશાળ મેદાન.**
15. મહત્વાકાંક્ષી વિધાર્થીઓ માટે **કંચનલાલ એમ.પટેલ શિષ્યવૃતિ યોજનાની શરુઆત.**

તમે અમારા પર વિશ્વાસ મુકીને અમને સોંપેલા તમારા બાળકોના સંપૂર્ણ વિકાસ માટે કટિબધ્ધ છીએ. તમારા બાળકની કારકિર્દીને આકાર આપવા માટે ઓકેસી સંકુલની પસંદગી કરવા બદલ હું આપને અભિનંદન આપું છું. અમારા ઓકેસી સંકુલ પરિવારમાં આપનું ભાવભીનું સ્વાગત છે. આવો આપણે સાથે મળી આપણા બાળકોનું ઉત્તમ ઘડતર કરીએ.

આપનો વિશ્વાસુ,
મૌલિક કે.પટેલ
(એમ.ફાર્મ., એમ.બી.એ.)